દક્ષિણ, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્રમાં નવ ઈંચ વરસાદ

અમદાવાદ,તા. ૧૨

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે જેના પરિણામ સ્વરુપ જનજીવન પર અસર થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં અનેક જગ્યાઓએ નવ ઈંચથી વધુ વરસાદ થઈ ગયો છે. જેના લીધે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ થયો છે તેની વાત કરવામાં આવે તો સુરતમાં પાંચ ઈંચથી વધુ વરસાદ પડી ગયો છે જ્યારે તાપી જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. અહીં વ્યારામાં આઠ ઈંચથી વધુ વરસાદ, વાલોડમાં સાત ઈંચથી વધુ વરસાદ, સોનગઢમાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. વલસાડની વાત કરવામાં આવે તો છેલ્લા ૨૪ કલાકમાં વલસાડમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. અવિરત વરસાદ જારી રહ્યો છે. વડોદરા જિલ્લામાં પણ નોંધપાત્ર વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર પંથકમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ જોરદાર ધડબડાટી બોલાવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ અને પંથકોને મેઘરાજાએ જાણે બારે મેઘ ખાંગા કરી ઘમરોળી નાંખ્યા છે. અમરેલી,રાજકોટ, જાફરાબાદ સહિતના પંથકોમાં પણ આજે ધોધમાર અને તોફાની વરસાદ નોંધાયો હતો. જેને પગલે આ પંથકોમાં પણ નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. રાજકોટ જિલ્લામા શાપર વેરાવળ, રિબડા, ગોંડલ તાલુકાના અમુક વિસ્તારમા માત્ર એક કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ વરસી જતા ખેતરો પાણી પાણી થઈ ગયા હતા. રાજકોટ ઉપરાંત જસદણ, આટકોટ, કોટડાસાંગાણી પંથકમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. અમરેલી, સાવરકુંડલા, બાબરા, જાફરાબાદ, લીલીયા, વડિયા બગસરામાં વરસાદ ધોધમાર વરસાદ પડતા એકથી દોઢ ઈંચ નોંધાયો હતો. જાફરાબાદ તાલુકાના હેમાવ છેલાણ સહિતના ગામોમાં મૂશળધાર ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો, જેને પગલે ખેતરો પાણીથી ઉભરાયા હતા. ઉના બાદ પ્રવાસન સ્થળ દીવમાં ધોધમાર વરસાદ પડતા રસ્તાઓ નદીમાં ફેરવાયા હતા. બજારોમાં ઘૂંટણસમા પાણી ભરાતા દીવ બેટમાં ફેરવાયું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. વડોદરા જિલ્લામાં પણ સરેરાશ નવ ઈંચથી વધુ વરસાદ નોંધાતા કેટલાક પંથકોમાં ભારે તારાજી સર્જાઈ હતી. બીજી તરફ ભારે વરસાદના કારણે છોટા ઉદેપુરના સંખેડા તાલુકાનું કાંટેશ્વર ગામ બેટમાં ફેરવાતાં સંપર્કવિહોણું બન્યું હતું. વડોદરા સિવાય પાદરા, કરજણ, ડભોઈ, વાઘોડિયા સહિતના પંથકોમાં પણ સારો એવો વરસાદ નોંધાયો હતો. મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં વધુ પડતી મહેર વરસાવતાં અહીંના લોકો હવે ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે. સુરતમાં મોડીરાતથી ધોધમાર વરસાદ શરૂ થયો હતો. રાત્રિ દરમિયાન બે ઈંચ વરસાદના થોડા વિરામ બાદ ફરી ધોધમાર વરસાદ શરૂ થયો હતો અને માત્ર ૪ કલાકમાં ૩ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે ગરનાળાઓમાં કેડસમા પાણી ભરાઈ જતા તે બંધ કરવાની ફરજ પડી હતી. અગમચેતીના પગલારૂપે સુરતના કલેક્ટર દ્વારા શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી અને ખાનગી શાળાઓને પણ રજા રાખવા સુચન કરવામાં આવ્યું હતું. સુરતના નાના વરાછા વિસ્તારમાં એક સોસાયટી પાસે ભરાયેલા પાણીના પ્રવાહમાં એક મોટી દિવાલ ગણતરીની સેકન્ડોમાં ધરાશયી થઈ જતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. દરમ્યાન વાપીથી શમલાજી જતા નેશનલ હાઈવે નંબર ૫૬ ઉપર મલોઠા ગામ પાસેનો એપ્રોચ ધરાશાયી થયો હતો.

ઝાંખરી નદીના બ્રિજ પર પણ દુર્ઘટના સર્જાઈ હતી. વ્યારાથી ઉનાઈ જતા નેશનલ હાઈવે નંબર ૫૬ના મલોઠા ગામે ઝાંખરી નદીનો એપ્રોચનો એક ભાગ ધરાશયી થતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં તાપી જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યાં હતાં. તો, નેશનલ હાઈવેના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતાં. બાદમાં આ રૂટનો તમામ વાહનવ્યવહાર વ્યારા વાલોડથી બેડચિત તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. તાપી જિલ્લામાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં. નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે મોતનો આંકડો વધીને ૧૯ ઉપર પહોંચી ગયો છે. દક્ષિણ, મધ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં ચારેબાજુ ભારે વરસાદ નોંધાયો છે.

ખેડબ્રહ્મામાં શાંતિ સમિતિની બેઠક મળી

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર તથા ગઢડા શામળાજી મંદિર દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ૧૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળનાર છે તે સંદર્ભે સાબરકાંઠાના એસ.પી સૌરભસિંહની સૂચનાથી ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એ ડી પરમાર દ્વારા શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. એસપી સૌરભસિંહે રથયાત્રા સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરી હતી. આ બેઠકમાં પી.આઈ.આઈ. ડી. રાઠોડ, ઠાકોર મંદિર તથા ગઢડા શામળાજી મંદિરના ટ્રસ્ટીઓ, સમિતિના સભ્યો હસમુખલાલ મોદી, લખુભાઈ અટારા, શામલભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, જનકસિંહ વાઘેલા, ઘનશ્યામસિંહ રહેવર, અરવિંદભાઈ ઠક્કર, નારાયણદાસ બારોટ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાંતિ સમિતિની બેઠક બાદ પોલીસ ઘ્વારા રથયાત્રાના રૂટ ફ્લેગમાર્ચ યોજી રૂટની ચકાસણી કરી હતી.

ધનસુરા પોસ્ટ ઓફિસમાં કામગીરી ધીમી ગતિએ થતા ભારે રોષ

ધનસુરા, તા. ૧૨

ધનસુરા પોસ્ટ ઓફિસમાં ફીકસની કામગીરી ઝડપથી થવી, નવા ખાતા ખોલવા, અવારનવાર સ્ટેમ્પની અછત, ગોલ્ડ બોન્ડનું વ્યાજ સમયસર જમા થવું જેવી અનેક ફરિયાદો લોકો કરી રહ્યા છે. છેલ્લા ગણા સમયથી ફિકસના લાખો કામ અટવાયા છે. આ બધામા જે અનુભવી કર્મચારી કામગીરી કરતા હતા. એમણે ડેપ્યુટેશન માટે મોકલવામાં આવે છે. જેનાથી પોસ્ટ ઓફિસમાં કામકાજ ધીમું થઈ જાય છે. હેડ ઓફિસના અધિકારી ડેપ્યુટેશન માટે ધનસુરાના કર્મચારીઓને મોકલે છે. બાયડ મોડાસામા પણ પુરતો સ્ટાફ છે ત્યાથી ના મોકલી ધનસુરાથી મોકલતા ધનસુરામા કામ વધી જવાથી લોકોના કામ સમયસર નથી થતા. લોકોની માગણી છે કે આનો ઝડપથી નિકાલ કરવામાં આવે ફીકસ નું પણ લાખો રુપિયાનુ કામ પેન્ડિંગ છે. ટી.ડી.એસ. કપાતની વિગત અરજદારને હેડ ઓફિસથી મંગાવવા છતા મળી નથી. ઈન્કમટેક્સ ભરવાની તારીખ નજીકમાં આવી રહી છે. લોકો પૂછી રહ્યા છે કે આ બધા માટેની જવાબદારી કોની. એવામા પોસ્ટ ઓફિસની કામગીરીથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

જીએસટીને લઈ ૧૪-૧૫મીએ દેશભરના વકીલોનું મનોમંથન

અમદાવાદ,તા.૧૨

જીએસટીના અમલીકરણને એક વર્ષ વીત્યા બાદ પણ ઈન્વોઈસ મેચીંગ નહી થવાથી માંડી, અબજો રૂપિયાના અટવાયેલા રિફંડ સહિતની અનેક સમસ્યાઓ અને જીએસટી રિટર્નમાં વેપારીઓને પડતી હાલાકી સહિતની અનેક ફરિયાદોને લઈ આગામી તા.૧૪ અને ૧૫ જૂલાઈના રોજ અમદાવાદ શહેરમાં ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશના વકીલો સહિત દેશભરના ટેક્સ કન્સલ્ટન્ટના એક મહત્વનો બે દિવસીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં દેશના ૨૬ રાજયો અને ૯૦થી વધુ એસોસીએશનના વકીલોના નિષ્ણાત વકીલો એકમંચ પર એકઠા થઈ જીએસટીમાં રહી ગયેલી ખામીઓ-ત્રુટિઓ નિવારવા ઉપરાંત તેને સરળ અને સાચા અર્થમાં અમલી બનાવવાના તેમ જ જીએસટીની ગૂંચવણો અને જટિલતા દૂર કરી વ્યવહારૂ અભિગમ સાથે અમલી બને તે માટેના અગત્યના સૂચનો અને સુધારા-વધારા સૂચવવામાં આવશે એમ અત્રે ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશનના સભ્યો અને જીએસટી નિષ્ણાત અક્ષત વ્યાસ અને નિગમ શાહે જણાવ્યું હતું. અમદાવાદમાં યોજાનારા ટેક્સ કન્સલ્ટન્ટ-વકીલોના કોન્કલેવમાં બે દિવસની ચર્ચા વિચારણના અંતે તૈયાર થયેલા સૂચનો અને સુધારા-વધારાની રૂપરેખા તા.૨૧મી જૂલાઈએ દેશની જીએસટી કાઉન્સીલની મળનારી મહત્વની બેઠકમાં પણ રજૂ કરવામાં આવશે. કારણ કે, જીએસટી કાઉન્સીલને તા.૧૫મી જૂલાઈ સુધીમાં કોઈપણ સૂચનો કે સુધારા રજૂ કરવાની મુદત આપી છે. જીએસટીના અમલને એક વર્ષ બાદ પણ હજુ પડી રહેલી તકલીફો અને હાલાકી અંગે જીએસટી નિષ્ણાત અક્ષત વ્યાસ અને નિગમ શાહે વધુમાં જણાવ્યું હતું કે, જીએસટીનું સરળ અમલીકરણ કરવા માટે જરૂરી ફોર્મેટ જ હજુ જીએસટી કાઉન્સીલ તૈયાર કરી શકી નથી. કાઉન્સીલે જીએસટીએન-૨ એ ની વ્યવસ્થા કરીને વેચાણ કરનાર તેની વિગતો અપલોડ કરે તેવી વ્યવસ્થા દાખલ કરી છે.

જેમાં અપલોડ થયેલા જીએસટીઆર-૩ની વિગતો ખરીદનાર જોઈ શકે છે પરંતુ તેમાં કોઈ ક્ષતિ હોય તો વેચનારને કોમ્યુનિકેટ કરવાની કોઈ વ્યવસ્થા નહી હોવાથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ સાચી મેળવી છે કે કેમ તે ખબર જ પડતી નથી, જેથી વેપારીઓ અને ડિપાર્ટમેન્ટ બંને મૂંઝવણમાં રહે છે. આ જ પ્રકારે જીએસટીઆર-૨ અને જીએસટીઆર-૩ તૈયાર થયા નહી હોવાથી સંખ્યાબંધ વેપારીઓને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. સમગ્ર સીસ્ટમમાં મુખ્ય રિટર્ન એવા જીએસટીઆર-૩ માટે સરળ ફોર્મેટ એસોસીએશને કાઉન્સીલને તૈયાર કરીને આપ્યું છે, ઉપરાંત જીએસટીના સર્વર પર ઓછો લોડ આવે તે પ્રકારે વિગતો અપલોડ કરવા, દરેક ઈન્વોઈસનું યોગ્ય રીતે મેચીંગ કરવા સહિતના અનેક સૂચનો કરાયા છે પરંતુ હજુ સુધી તેનું સાચા અર્થમાં અમલીકરણ જ થયું નથી. જીએસટીઆર-૩માં વેચાણ અને ખરીદીની બિઝનેસ ટુ બિઝનેસની યાદી એટલે કે, બિલની યાદી એટેચ કરવાની સીસ્ટમ ઈન્ટ્રોડયુસ કરવાની ભલામણ કરાઈ છે પરંતુ તેને હજુ સુધી કાઉન્સીલ દ્વારા ફોડ પડાયો નથી. જેને પગલે વેપારીઓ ઈનપુટ ટેક્સ ક્રેડિટ વિના હેરાન થઈ રહ્યા છે. જીએસટી નિષ્ણાત દિવ્યેશ મહેતા અને વારીસ ઈશાનીએ ઉમેર્યું હતું કે, એક્સપોર્ટના રિફંડની સમસ્યા આજે પણ બહુ મોટી છે. એક્સપોર્ટ ફોર્મ -૧ ભરીને રિફંડ માટે ઓનલાઈન અરજી કરાય તે પછી દરેક અધિકારીઓ પોતાની સૂઝબૂઝ પ્રમાણે તે ક્લિયર કરવા અલગ અલગ દસ્તાવેજો માંગે છે. જેને લઈ સમગ્ર પ્રક્રિયામાં એકસૂત્રતા કે વિશ્વસનીયતા જળવાતી નથી અને તેથી રિફંડનો મામલો અટવાયા જ કરે છે. સામાન્ય રીતે ઈન્ટીગ્રેટેડ જીએસટીનું રિફંડ પંદર દિવસમાં આપી દેવાનો નિયમ છે પરંતુ કેન્દ્રના અધિકારીઓએ આ અંગે ઝુંબેશ ચલાવ્યા પછી અને ઓનલાઈન કામ થતુ નહી હોવાથી મેન્યુઅલી કરાવ્યા પછીય આજે અબજો રૂપિયાના રિફંડ અટવાયેલા પડયા છે.

ગુજરાતના પત્રકારોને પેન્શન યોજનાનો લાભ આપવા રજુઆત

ગુજરાતના પત્રકારો માટે પેન્શન સ્કીમ લાગુ કરવાની લેખિત રજુઆત આઈ.જે.યુ.ના જોઈન્ટ સેક્રેટરી નિલેશ જોષીએ સરકાર સમક્ષ લેખિત રજુઆત કરેલ છે. ઈન્ડીયન જર્નાલીસ્ટ યુનિયનની લેખિત રજુઆતના કારણે પત્રકારો માટેની પેન્શન યોજના હરિયાણા, બિહાર અને ઓરિસ્સા અને તાજેતરમાં મહારાષ્ટ્ર સરકારે પણ પત્રકારોની પેન્શન યોજનાના અમલીકરણ માટે મહારાષ્ટ્ર સરકારે ૧૫ કરોડ રૂપિયાની માતબર રકમની ફાળવણી કરેલ છે. જેથી ગુજરાત સરકારે સત્વરે ગુજરાતના પત્રકારોના હિત અને કલ્યાણ માટે પેન્શન યોજના લાગુ કરવા નિલેશ જોષીએ લેખિત રજુઆત કરેલ છે.

રાજકોટમાં જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૧૨

પટેલ સમાજના આગેવાનો દ્વારા સમસ્ત પાટીદાર પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મેળો તા. ૧૫ થી ૩૧મી જુલાઈ સુધી વિનામૂલ્યે સવારે સાડા નવથી સાડા બાર વાગ્યા સુધી યોજાશે. પાટીદાર સમાજ કાર્યાલય, કોપર આર્કેટ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટ, પ્રમુખ અર્જુનભાઈ લીંબાચીયાએ જણાવેલ છે.

બદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકેશકુમાર	મ્યુનિ. કમિશ્નર અમદાવાદ	સચિવ શિક્ષણ વિભાગ (પ્રાથમિક-માધ્યમિક)
અંજુ શર્મા	અગ્ર સચિવ શિક્ષણ (પ્રા. અને મા.)	અગ્ર સચિવ શિક્ષણ
અજય ભાદુ	વાઈસ ચેરમેન મેરીટાઈમ બોર્ડ	મ્યુનિ. કમિશ્નર વડોદરા
મહમદ શાહીદ	સચિવ કૃષિ-સહકાર વિભાગ	ચીફ એક્ઝી. અને વા. ચેરમેન મેરી ટાઈમ બોર્ડ
વિજય નહેરા	તાલિમમાંથી પરત આવતા	મ્યુનિ. કમિશ્નર અમદાવાદ

કંપની સમાચાર
ટીસીએનએસ ક્લોથિંગનો આઈપીઓ ૧૮મીએ ખુલશે

ટીસીએનએસ ક્લોથિંગ કંપની લિમિટેડ (''કંપની'')એ ૧૮ જુલાઈ, ૨૦૧૮ના રોજ ૧૫,૭૧૪,૦૩૮ ઈક્વિટી શેરનો આઈપીઓ (''ઓફર'') લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. ઓફરમાં ઓન્કાર સિંઘ પસરિયા, અરવિન્દર સિંઘ પસરિયા (સંયુક્તપણે ''પ્રમોટર વિક્રેતા શેરધારકો''), અનંતકુમાર દાગા, સરનપ્રીત પસરિયા, અંગદ પસરિયા, વિજયકુમાર મિશ્રા અને અમિત ચાંદ (સંયુક્તપણે ''અન્ય વિક્રેતા શેરધારકો'') તથા વેગનેર લિમિટેડ (''વેગનેર'' અથવા ''રોકાણકાર વિક્રેતા શેરધારકો'') દ્વારા વેચાણ માટેની ઓફર સામેલ છે. ઓફર અમારી કંપનીની પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી ૨૫.૬૩ ટકા હિસ્સો ધરાવશે.

બિડ/ઓફર ૨૦ જુલાઈ, ૨૦૧૮ના રોજ બંધ થશે. સેબી આઈસીડીઆર નિયમનો મુજબ બીઆરએલએમ સાથે ચર્ચા કરીને કંપની, પ્રમોટર વિક્રેતા શેરધારકો અને રોકણકાર વિક્રેતા શેરધારકો એન્કર રોકાણકારોની ભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર ઓફર/બિડ ખુલવાની તારીખથી આગળનાં કામકાજ ચાલુ હોય દિવસે બિડ કરી શકશે. ઓફરના પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૭૧૪ થી રૂ. ૭૧૬ છે. બિડ લઘુત્તમ ૨૦ ઈક્વિટી શેર માટે અને પછી ૨૦ના ગુણાંકમાં ઈક્વિટી શેરમાં થઈ શકશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (''બીઆરએલએમ'') કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને સિટિગ્રૂપ ગ્લોબલ માર્કેટસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ છે. ઓફરનાં રજિસ્ટ્રાર કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ છે. સિક્યુરીટીઝ કોન્ટ્રાક્ટસ રૂલ્સ ૧૯૫૭ નિયમ ૧૯(૨)(બી) જેમાં સમયે સમયે સુધારા મુજબ ઓફર કરવામાં આવી છે.

રખડતા ઢોરોની સમસ્યા હલ કરવા નવી કવાયત શરૂ થઈ

છાશવારે રખડતાં ઢોરની અડફેટમાં આવીને લોકો મૃત્યુના મોંમાં પણ ધકેલાય છે, પણ હાલના ચોમાસાના દિવસોમાં તો રખડતાં ઢોરની સમસ્યા માઝા મૂકે છે. અમુક પશુપાલકો તો ઢોરને લાઈટના થાંભલા સાથે બાંધી રાખે છે. તાજેતરમાં જ મ્યુનિસિપલ હોલ અને પાર્ટી પ્લોટના મેન્ટેનન્સનું કામમાં પણ ખાનગીકરણના નિર્ણય બાદ વધુ એક ખાનગીકરણની તજવીજ હાથ ધરી છે.

બાયડના શીતકેન્દ્ર ખાતે સન્માન સમારંભ યોજાયો

બાયડ વિશા ખડાયતા સમાજ અને ડૉક્ટર્સ એસોસિએશન દ્વારા જીતપુર સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર ડૉ. જતિન શાહની ૧૦ વર્ષ દરમ્યાન પ્રસંશનીય કામગીરી બદલ તેમનું સન્માન બાયડ વિશા ખડાયતા અને ડૉક્ટર્સ એસોસિએશન દ્વારા મોમેન્ટો, પ્રેઝન્ટ આપી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે વિશાળ સમુદાયમાં વિશા ખડાયતા સમાજના વૈષ્ણવો અને ડૉક્ટરોએ ઉપસ્થિત રહી સેવા અને ફરજને બિરદાવી હતી.

વરસ્યા નહી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગર્જનાના લીધે વરસાદ હમણાં મુશળધાર વરસશે તેવો અહેસાસ કરાવી જાય છે પરંતુ અષાઢના આગમન ટાંણે અષાઢી મેઘના અંબર ગાજે છે. પણ વરસતા નથી તેવો ઘાટ જોવા મળી રહયો છે. ગરમીથી ત્રસ્ત શહેરીજનો પણ વરસાદની વાટે છે. જયારે વરસાદના અભાવે વનતંત્રની નવા રોપાઓની વાવણી કરવાની કામગીરી પણ અટવાઈ ગઈ છે. મેઘરાજાના મંદ મિજાજથી ખેડુતો પણ ખફા છે.

ઉલટફેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલુકામાં નોંધાઈ છે. દહેગામ તાલુકામાં એ+ ગ્રેડ મેળવનારી શાળા ૧૫, એ ગ્રેડ મેળવનારી શાળા ૧૮૧ છે જે જિલ્લામાં સૌથી વધુ છે. જ્યારે બી ગ્રેડ મેળવનાર શાળાઓની સંખ્યા ૨૬ અને સી ગ્રેડ મેળવનાર શાળાઓની સંખ્યા માત્ર ૪ છે. ડી ગ્રેડમાં એક પણ શાળા આવી નથી.

ગાંધીનગર તાલુકામાં એ+ ગ્રેડ મેળવનાર શાળા માત્ર બે જ્યારે ૯૨ શાળાઓ એ ગ્રેડ મેળવે છે. ૯૧ શાળા બી ગ્રેડ અને ૮ શાળા સી ગ્રેડ મેળવે છે. ડી ગ્રેડ મેળવનાર શાળા સમગ્ર જિલ્લામાં સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં છે જેની સંખ્યા ૭ છે.

કલોલ તાલુકામાં ૬ શાળાઓએ એ+ ગ્રેડ મેળવ્યો છે જ્યારે ૯૩ શાળાઓએ એ ગ્રેડ મેળવ્યો છે. ૩૧ શાળા બી ગ્રેડમાં આવી છે તો ૩ શાળા સી ગ્રેડમાં અને ૨ શાળા ડી ગ્રેડમાં આવી છે.

માણસા તાલુકામાં ૧૩ શાળા એ+ ગ્રેડમાં, ૮૪ શાળા એ ગ્રેડમાં, બી ગ્રેડમાં ૧૮ એ સી અને ડી ગ્રેડમાં ૨-૨ શાળા આવી છે.

ગુણોત્સવ-૭ની તુલનામાં થયેલ આ ઉલટફેરને કારણે જિલ્લામાં પરિણામ સુધર્યાનો આનંદ કરતાં ગાંધીનગર સહિત કલોલ-માણસામાં ગુણવત્તા સુધારણા અભિયાનની કોઈ જ અસર જોવા મળી નથી.

ગ્રાહ્ય રખાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૭-૧૦-૧૭ના રોજ મળ્યા અંગેની સ્વીકાર બદલ સહી કરેલ છે.

જ્યારે આશાબેન ઝાલા અને લીલાબેન ઝાલાને ઉપર્યુક્ત સભાઓ અંગેનો આદેશ-વ્હીપ મળેલ નથી તેમજ ઉક્ત બન્ને સભાઓની કાર્યવાહી નોંધમાં કોંગ્રેસ પક્ષનો વ્હીપ વંચાણે લેવામાં આવેલ નથી કે વ્હીપ અંગે તે મુજબ પ્રોસીડીંગ્ઝમાં પણ સ્પષ્ટ પણે નોંધવામાં આવેલ છે. પક્ષ આ ઉપરાંત આ બન્ને સભ્યોને વ્હીપની બજવણી કરેલ છે તેવુ પુરવાર કરી શકેલ ન હોઈ તેવા સંજોગોમાં પક્ષના આદેશનો અનાદાર કરેલ છે તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. જ્યારે રંજનબેન કોંગ્રેસ પક્ષ તરફથી આપવામાં આવેલ વ્હીપ મળ્યા અંગેના સ્વીકાર બદલ સહિ કરેલ છે અને પક્ષના માન્ય ઉમેદવાર સામે ઉમેદવારી કરેલ છે આમ કરીને પક્ષના આદેશ વિરૂદ્ધ બન્ને સભામાં મત આપી વ્હીપનો અનાદર કર્યો હોવાનું પુરવાર થતુ હોય ઉપરોક્ત હુકમ કરવામાં આવે છે.

આ કેસમાં અરજદાર જયંતિભાઈ પટેલના વકીલ તરીકે કમલનયન બ્રહ્મભટ્ટ અને સામાવાળાના વકીલ તરીકે ચંદ્રેશ પટેલ હાજર રહ્યા હતા અને બન્ને વકીલોએ ધારદાર રજુઆત કરતાં અંશતઃ અરજીનો સ્વીકાર કરાયો છે. દહેગામ તાલુકા પંચાયતના સભ્યપદેથી રંજનબેન બિહોલાને ગેરલાયક ઠેરવવામાં આવતાં તાલુકા પંચાયતના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. તેમજ અનેક વિધ રાજકીય ચર્ચાઓએ લોકજીભે સ્થાન લીધુ છે.

પ્રોજેક્ટ તૈયાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેની યોજના અમલી બનશે. જુના સેકટરોમાં ૧૪ થી ૩૦ માં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે એજન્સી કક્ષાએથી રીપોર્ટ તૈયાર કરી દેવાયો છે. જેમાં ચરેડી ખાતે ૫ સંપ અને ૩ નવી ટાંકીનુ નિર્માણ કરવામાં આવશે. જયારે સેકટરોમાં ચાર દાયકા જુની પાણીની પાઈપલાઈનના બદલે નવી લાઈન નાંખવામાં આવશે. જુના સેકટરોમાં ૮૦ થી ૭૫૦ એમ એમ ની લાઈનના બદલે ૧૦૦ થી ૮૦૦ એમ એમ ની નવી લાઈન નાંખવાનુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં કાટ લાગવાની જટીલ સમસ્યા પણ દુર થશે. અલબત્ત સી આઈના બદલે ડી આઈ લાઈન નાંખવાના આયોજનનો પણ સમાવેશ છે. જુના સેકટરોને અનુલક્ષી ૨૨૫ કી મી ની નવી લાઈન નાંખવામાં આવશે. શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય માટે એજન્સીએ રીપોર્ટ તૈયાર કરી દીધા બાદ હાલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રોજેકટ સંદર્ભે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી રહી છે.

ચોથા સ્થાને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામેલ નથી કર્યા. આ રિપોર્ટમાં બિંદુઓને આધાર માનવામાં આવ્યા છે. જેમા રક્ષા બજેટ, સૈન્ય સંસાધન, ઉદ્યોગ અને ભૌગોલિક સુવિધાઓ અને ઉપલબ્ધ જનશક્તિઓને સામેલ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ અનુસાર, ભારત પાસે લડાકુ વિમાનની સંખ્યા ૨૦૦૦ થી પણ વધુ છે. એક્ટિવ આર્મી એટલે કે, સક્રિય સૈનિકની સંખ્યા ૧૩ લાખથી વધુ છે. ૨૮ લાખ રિઝર્વ જવાન પણ છે, જે જરૂરિયાત પડવા પર સૈન્યની મદદ કરવા માટે તૈયાર રહે છે. ભારતમાં ટેંકોની સંખ્યા ૪૪૦૦ છે. સક્રિય યુદ્ધ જહાજોની સંખ્યા બે છે. ત્યાં જ પાકિસ્તાન દુનિયામાં ૧૩મી સૌથી મોટી સૈન્ય શક્તિ છે. પાકિસ્તાને ગત કેટલાક વર્ષોમાં ૨૦૧૭માં પોતાની શક્તિમાં વૃદ્ધિ કરી છે. અને ૧૫ દેશોની સૂચિમાં સ્થાન બનાવી લીધુ છે. ૨૦૧૭ પહેલા પાકિસ્તાન ટૉપ ૧૫ દેશોની લિસ્ટમાં પણ સામેલ નહતું.

રાજકીય હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાઢી છે. ભાજપ તરફથી પાર્ટીના પ્રવક્તા સંદીપ પાત્રાએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું છે કે, કોંગ્રેસ પાર્ટી મોદીની સામે બોલવા માટે દેશના લોકતંત્ર ઉપર પ્રહાર કરે છે. તેઓએ આને હિન્દુઓ ઉપર હુમલા તરીકે ગણાવીને ઝાટકણી કાઢી હતી. થરુરે કેન્દ્રમાં સત્તારુઢ ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, ૨૦૧૯માં ભાજપ જો ફરી જીતી જશે તો સમગ્ર દેશ હિન્દુ પાકિસ્તાનમાં ફેરવાઈ જશે. બીજી બાજુ થરુરે પોતાના નિવેદનને લઈને મક્કમ વલણ અપનાવ્યું છે. થરુરે ફેસબુક પોસ્ટ મારફતે ભાજપ ઉપર પોતાના પ્રહારોને વધુ તીવ્ર બનાવ્યા છે. તેઓએ કહ્યું છે કે, પહેલા પણ તેઓ આ વાત કરી ચુક્યા છે. આ બાબત ઉપર મક્કમ છે. પાકિસ્તાનનો જન્મ એક વિશેષ ધર્મ અને વિશેષ જાતિ માટે થયો હતો જેના લીધે દેશના લઘુમતિઓની સાથે ભેદભાવ કરવામાં આવ્યા હતા. લઘુમતિ લોકોને પાકિસ્તાનમાં તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા હતા. ભારતે એવા તર્કને ક્યારે પણ સ્વીકાર કર્યા નથી જેના આધાર પર બંને દેશો વચ્ચે વિભાજનની સ્થિતિ સર્જાઈ હતી. કોંગ્રેસ સાંસદે ભાજપ અને સંઘ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ભાજપ અને સંઘ હિન્દુ રાષ્ટ્રના વિચાર અને પાકિસ્તાનની એવી વિચારધાર નજરે પડે છે.

શશી થરુરે કહ્યું છે કે, એક રાજ્ય જ્યાં બહુવસ્તી ધરાવતા દેશમાં લઘુમતિઓને દબાવીને રાખવામાં આવે છે જ્યારે પાકિસ્તાનમાં પણ આવી જ સ્થિતિ રહેલી છે. ભાજપે શશી થરુરના નિવેદનને લઈને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પાસેથી માફીની માંગણી કરી છે. સંદીપ પાત્રાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીના ઈશારે પાર્ટીના નેતા હિન્દુઓનું અપમાન કરી રહ્યા છે. રાહુલ ગાંધી હિન્દુ લોકોથી નફરત કરે છે. તેઓ પોતે પણ આ પ્રકારના નિવેદન કરી ચુક્યા છે.

વધુ સુનાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુષ્તવયના લોકો વચ્ચે સહમતિ સાથે બનાવવામાં આવેલા સંબંધને અપરાધની હદમાંથી બહાર કરવાની અરજી ઉપર સુનાવણી કરતી વેળા આ પ્રકારની ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આ ભેદભાવના કારણે આ સમુદાયના લોકોના આરોગ્ય ઉપર પ્રતિકુળ અસર થઈ રહી છે. સુપ્રીમ કોર્ટે અરજી કરનારના વકીલ મેનકા ગુરુસ્વામીને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, કોઈ કાયદો અથવા તો રેગ્યુલેશન હોમોસેક્સયુઅલને કોઈ પ્રકારના અધિકાર લેવાથી રોકે છે કે કેમ. આવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, આવા કોઈ પણ પ્રકારના નિયમ નથી. ત્યારે સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, એલજીબીટી સમુદાય માટે કલમ માત્ર આ કારણસર છે કે, સહમતિ સાથે સેક્સ સંબંધોને અપરાધ સાથે જોડવામાં આવે છે. એક વખતે કલમ ૩૭૭ની હદમાં સહમતિ સાથે સંબંધના મામલાને બહાર કરી દેવામાં આવશે ત્યારે તમામ બાબતો દૂર થઈ જશે. ।જે ચર્ચા દરમિયાન જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાએ કહ્યું હતું કે, પ્રકૃતિ અને વિકૃતિના સહઅસ્તિત્વ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અનેક પ્રકારના જીવોમાં સેમ સેક્સ ઈન્ટરકોર્સ જોવા મળે છે. વકીલ શ્યામ દિવાને કહ્યું હતું કે, હવે સમય આવી ગયો છે કે, કોર્ટ કલમ ૨૧ હેઠળ રાઈટ ટુ ઈન્ટીમેસીને જીવન જીવવાના અધિકાર તરીકે જાહેર કરે. બીજી બાજુ વરિષ્ઠ વકીલ અશોક દેસાઈએ સજાતિય સંબંધોને ભારતીય પ્રાચીન સંસ્કૃતિનો હિસ્સો તરીકે ગણાવીને હાઈકોર્ટના પૂર્વ જજ દ્વારા લખવામાં આવેલા પુસ્તકનો ઉલ્લેખ કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતુંકે, તેમનો પુત્ર હોમો છે અને વર્તમાન કાયદા હેઠળ અપરાધી છે. બીજી બાજુ સુરેશકુમાર કૌશલે બંધારણીય બેંચ સમક્ષ સજાતિય સંબંધો ઉપર ચાલી રહેલી ચર્ચામાં ભાગ લેતા કહ્યું હતું કે, જો કલમ ૩૭૭ને અપરાધ ગણવામાં આવશે નહીં તો આનાથી રાષ્ટ્રીય સુરક્ષા ખતરામાં પડશે.

બીજી બાજુ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તે પોતે પણ આ બાબત પર વિચાર કરવા સુધી મર્યાદિત રહેશે કે કલમ ૩૭૭ બે પુષ્તવયના લોકો વચ્ચે સહમતિથી બનાવવામાં આવેલા સંબંધોને લઈને ગેરબંધારણીય છે કે કેમ. કલમ ૩૭૭ પર કેન્દ્ર સરકારે એફિડેવિટ મારફતે કોઈ પક્ષ ન મુકીને સમગ્ર નિર્ણય સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. એડિશનલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, ૩૭૭ હેઠળ સહમતિ સાથે પુષ્તવયના લોકો વચ્ચે સજાતિય સંબંધો અપરાધ છે કે કેમ તે અંગે પોતે નિર્ણય કરે.

લાલઆંખ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા નથી જેના કારણે દિલ્હીના લોકોને ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. જસ્ટિસ મદન બી લાકુર, જસ્ટિસ દિપક ગુપ્તાની પીઠે લેફ્ટી ગવર્નર અને દિલ્હી સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે, સોલીડ વેસ્ટના મેનેજમેન્ટની જવાબદારી એમસીડીની છે.

સુપ્રીમની બેંચે કહ્યું હતું કે, લેફ્ટી ગવર્નર, એમસીડીના પોતાના અધિકાર ક્ષેત્રમાં હોવાની વાત કરે છે પરંતુ ગદંગીને દૂર કરવા માટે આ પ્રકારની બેઠકોમાં ભાગ લેતા નથી. જો તમારી પાસે સત્તાઓ છે તો આ સંદર્ભની જવાબદારીને કોણ લેશે. એફિડેવિટમાં લેફ્ટી ગવર્નરે અધિકાર અને જવાબદારીની વાત કરી છે. સાફ સફાઈ અને કચરાના મામલામાં તેમની જવાબદારી છે કે કેમ તે બાબત મહત્વપૂર્ણ છે.